

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૮ * * * સંવત ૨૦૮૨ આસો વદ આઠમ, સોમવાર ૨ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

'INDIA' બ્લોકની 'વોટ ચોરી' વિરોધી રેલીમાં કહેવાયું : મોદી અને શાહને કાયદામાંથી છટકવા નહી દેવાય

દેશદ્રોહના આરોપસર જ્ઞાનેશ કુમાર જેલમાં જશે : રાહુલ

મતદાર યાદી સુધારણા કામગીરીમાં કથિત ગરબડો અંગે દિલ્હીના રામલીલા મેદાન પર વિપક્ષોની જંગી રેલી યોજાઇ

કોંગ્રેસ સહિત વિવિધ વિપક્ષી નેતાઓએ સંબોધન કર્યું : સીઇસી અને વડાપ્રધાન, ગૃહમંત્રી પર આકરા પ્રહારો કર્યા



નવી દિલ્હી, તા. 1 (PTI). વિપક્ષી 'INDIA' બ્લોકે રવિવારે 'મત ચોરી'ના આરોપસર ભાજપને સત્તામાંથી હાંકી કાઢવાની માંગ કરી છે. રાહુલ ગાંધીએ દ્રઢપણે જણાવ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવામાં આવશે અને દેશદ્રોહના આરોપમાં જેલ મોકલવામાં આવશે, તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને કાયદાથી બચવા દેવામાં આવશે નહીં.

શક્તિ પ્રદર્શનરૂપે, કથિત ચૂંટણીની ગેરરીતિઓ અને મતદાર યાદી સુધારણા સામે રામલીલા મેદાન પર યોજાયેલી એક વિશાળ રેલીમાં આ ગઠબંધનના અગ્રણી નેતાઓએ સંબોધન કર્યું હતું અને દાવો કર્યો હતો કે ભાજપે "ચોરાયેલા" જનાદેશ સાથે કેન્દ્ર અને રાજ્યોમાં સરકારો બનાવી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રેલીમાં વિશાળ જનમેદનીને આવકારતા કહ્યું, "નરેન્દ્ર મોદીજી અને અમિત શાહજી, આ વાત સમજી લો - જ્ઞાનેશ કુમાર પછી અમે તમારી સામે ઊભા રહીશું અને એ વાત ન ભૂલતા કે તમે જે 'મત ચોરી' કરી છે, તેના માટે તમારી વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે." કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગેએ મોદી અને શાહ પર સીઈસીને બચાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, "મોદી અને શાહે દલિતો, યુવાનો અને મહિલાઓનો મત છીનવવાનો પ્રયાસ કર્યો છે. મોદીજી પોતાના માણસ - જ્ઞાનેશ કુમાર દ્વારા તેમના મત છીનવી લેવા માગે છે. જ્યાં સુધી તે જાય નહીં ત્યાં સુધી અમે લડતા રહીશું અને તેમની વિદાય સુનિશ્ચિત કરીશું." દેશમાં ઘણા વર્ષોથી "મત ચોરી" થઈ રહી હોવાનો આરોપ લગાવતા, રાહુલ ગાંધીએ ૨૦૨૪ની

...અનુસંધાન પાના 2 પર



રેલીમાં કોણ કોણ હાજર?

આ રેલીમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના મમતા બેનર્જી, સમાજવાદી પાર્ટી (SP)ના અખિલેશ યાદવ, આરજેડી (RJD)ના તેજસ્વી યાદવ, નેશનલ કોન્ફરન્સ (NC)ના ફારૂક અબ્દુલ્લા, પીડીપી (PDP)ના મહેબૂબા મુફ્તી, સીપીઆઈ-એમ (CPI-M)ના એમ.એ. બેબી, સીપીઆઈ (CPI)ના ડી. રાજા, એનસીપી-એસપી (NCP-SP)ના

...અનુસંધાન પાના 2 પર

મમતાને મળ્યા બાદ દીપકેએ ઇન્ડિયા ગઠબંધનની રેલીમાં ભાગ ન લેવાનું જાહેર કર્યું

સીજેપીના સ્થાપક અભિજિત દીપકે દિલ્હીમાં તૃણમૂલ કોંગ્રેસનાં વડાં મમતા બેનર્જી સાથે મુલાકાત કરીને યુવા સંચાલિત વિરોધ પ્રદર્શનોને સમર્થન આપવા બદલ મમતા બેનર્જીનો આભાર માન્યો હતો અને કથિત 'વોટ ચોરી' વિરુદ્ધ ઇન્ડિયા ગઠબંધનની રેલી પ્રત્યે એકજૂથતા વ્યક્ત કરી હતી. જોકે, દીપકેએ સ્પષ્ટ કર્યું હતું કે, સીજેપી રામલીલા મેદાન ખાતે યોજાનારી વિપક્ષની રેલીમાં ભાગ નહીં લે. કારણ કે, સંસ્થા પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખવા માંગે છે.

ભાજપે રેલીને તોફાની તમાશો ગણાવી દાવા કરતા ઓછી હાજરી હોવાનો ઉલ્લેખ કર્યો

દરમિયાન, ભાજપે આ રેલીને અરાજક, તોફાની તમાશો ગણાવ્યો અને રાહુલ ગાંધીના વડાપ્રધાન મોદીની ચૂંટણી અંગેના નિવેદનની આકરી ટીકા કરતા કહ્યું કે કોંગ્રેસ નેતા મુઘલ સમ્રાટના પુત્રની જેમ બોલી રહ્યા છે. ભાજપના અધ્યક્ષ નીતિન નવીને રાહુલ ગાંધી પર પ્રહાર કરતા આરોપ લગાવ્યો કે તેઓ દેશમાં અરાજકતા ફેલાવવા માટે વિદેશી તાકાતોના ઇશારે કામ કરી રહ્યા છે. સાથે જ 10 લાખના રાહુલના દાવા કરતા ઘણી ઓછી હાજરી હોવાનું કહ્યું હતું.

ભાજપે જ કનોટ પ્લેસની દુકાનો 'બળજબરીપૂર્વક' બંધ કરાવી હોવાનો રાહુલ ગાંધીનો દાવો

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે, ભાજપે કનોટ પ્લેસની દુકાનો બળજબરીપૂર્વક બંધ કરાવી દીધી છે. તેમણે દાવો કર્યો હતો કે સત્તાધારી પક્ષ કેવી રીતે દુકાનદારોને નુકસાન પહોંચાડી રહ્યો છે તે આખો દેશ જોઈ રહ્યો છે. મિન્ટો રોડ-કનોટ પ્લેસ જંક્શન તરફ જઈ રહેલા એક ખુલ્લા વાહનમાં મુસાફરી કરતી વખતે એક વીડિયોમાં રાહુલ ગાંધીએ

...અનુસંધાન પાના 9 પર

મહાદેવ બેટિંગ એપ કેસના મુખ્ય સૂત્રધારનું ઓમાનથી પ્રત્યાર્પણ

સીબીઆઇની ટીમ દ્વારા સૌરભ ચંદ્રાકરને આજે રાયપુરની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે



નવી દિલ્હી, તા. 1 (PTI) સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા 6,000 કરોડ રૂપિયાના મહાદેવ ઓનલાઇન બેટિંગ એપ કેસના કથિત મુખ્ય સૂત્રધાર સૌરભ ચંદ્રાકરનું ઓમાનથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યું છે.

ઓમાન મોકલવામાં આવેલી સીબીઆઈની ટીમ ચંદ્રાકરને ભારત પાછો લઈ આવી છે. હવે તેને સોમવારે છત્તીસગઢના રાયપુરની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સીબીઆઈના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સૌરભ ચંદ્રાકર સીબીઆઈના 2 અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના 1 કેસમાં વોન્ટેડ હતો, જે કેસોમાં

...અનુસંધાન પાના 9 પર

બીજા ક્વાર્ટરમાં સરકારી ઓઇલ કંપનીઓનો ₹. 30,106 કરોડનો નફો

IOC, BPCL, HPCLનો નફો વાર્ષિક કમાણીના લગભગ 39% અને ગત વર્ષના બીજા ક્વાર્ટરના સમાન સમયગાળા કરતા 68.3 ટકા વધુ

સરકારી ઓઇલ કંપનીઓના નફામાં વધારાનું સૌથી મોટું કારણ સુધારેલુ રિફાઇનિંગ માર્જિન અને ઇન્વેન્ટરી ગેઇન હતું

નવી દિલ્હી, તા. 01 : ભારતના ત્રણ સરકારી ઈંધણ રિટેલરોએ જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૩૦,૧૦૬ કરોડનો સંયુક્ત ચોખ્ખો નફો મેળવ્યો હતો, જે તેમની વાર્ષિક કમાણીના લગભગ ૩૯ ટકા હતો. રિફાઇનિંગ માર્જિનમાં વધારો અને ઇન્વેન્ટરીમાં થયેલા વધારાને કારણે ઈંધણના વેચાણમાં થયેલા નુકસાન અને વધતા જતા અવેતન LPG સબસિડી બિલને સરભર કરવામાં મદદ મળી હતી. કંપની ફાઇલિંગ અનુસાર, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) નો સંયુક્ત નફો ગયા વર્ષના સમાન સમયગાળાની કમાણી કરતા 68.3 ટકા વધુ છે અને પાછલા એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં લગભગ રૂ.

...અનુસંધાન પાના 9 પર

કઈ કંપનીએ કેટલો નફો કર્યો?

કંપની	બીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો	વાર્ષિક ફેરફારો
આઇઓસી	૨૧,૬૩૦ કરોડ	લગભગ ૧૮૪% નો વધારો
બીપીસીએલ	૪,૯૯૩ કરોડ	૨૨.૫% ઘટાડો
એચપીસીએલ	૩,૪૮૩ કરોડ	9% ઘટાડો
કુલ	**૩૦,૧૦૬ કરોડ**	**૬૮.૩% નો વધારો થયો**

ઓક્ટોબરમાં GST વસૂલાત અત્યાર સુધીના બીજા સૌથી ઉંચા સ્તરે

વીતેલા મહિનામાં 23 ટકાના વધારા સાથે સરકારને જીએસટીની કુલ આવક રૂ. 2.31 લાખ કરોડ થઇ

તહેવારોની સિઝનને કારણે વધેલા વેચાણની મોટી અસર

નવી દિલ્હી, તા. 1 (PTI): તહેવારોની ખરીદીને કારણે ઘરેલુ માંગ વધવાથી ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન વાર્ષિક ધોરણે ૨૩ ટકા વધીને રૂ. ૨.૩૧ લાખ કરોડથી વધુના બીજા સૌથી ઊંચા સ્તરે પહોંચ્યું છે, તેમ રવિવારે જારી કરાયેલા સરકારી ડેટામાં જણાવવામાં આવ્યું છે. ઓક્ટોબર એ સતત બીજો મહિનો છે જ્યારે માસિક કુલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ રૂ. ૨ લાખ કરોડને વટાવી ગયો છે અને એપ્રિલમાં નોંધાયેલા રેકોર્ડ અંદાજે રૂ. ૨.૪૩ લાખ કરોડના કલેક્શન પછી બીજા ક્રમે છે. ઉપરાંત, આ ચાલુ નાણાકીય વર્ષમાં મહિના દરમિયાન નોંધાયેલી ૨૨.૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ એ ગ્રોસ મોપ-અપનો સૌથી ઝડપી દર છે. ઘરેલુ વેચાણમાંથી કુલ જીએસટી કલેક્શન ૧૬ ટકા વધીને રૂ. ૧.૫૯

...અનુસંધાન પાના 9 પર

કોલ ઇન્ડિયાનું કોલસા ઉત્પાદન ઓક્ટોબરમાં 19.3 ટકા વધ્યું

કુલ ઉત્પાદન વધીને 67.2 મિલિયન ટન થયું, ગયા વર્ષે ઓક્ટોબરમાં 56.4 મિલિયન ટન હતું

કોલકાતા, ૧ (PTI): કોલ ઇન્ડિયા લિમિટેડ(CIL) એ રવિવારે જણાવ્યું હતું કે ઓક્ટોબરમાં તેનું કોલસાનું ઉત્પાદન વાર્ષિક ધોરણે ૧૯.૩ ટકા વધીને ૬૭.૨ મિલિયન ટન(MT) થઈ ગયું છે. સ્ટોક એક્સચેન્જોમાં રજૂ કરવામાં આવેલા વચગાળાના ડેટા અનુસાર, આ સરકારી ખનન કંપનીએ ગયા વર્ષના સમાન મહિનામાં ૫૬.૪ મિલિયન ટનનું ઉત્પાદન કર્યું હતું. ઓક્ટોબરમાં કોલસાનું ઓફટેક ૭૦.૩ મિલિયન ટન રહ્યું, જે એક વર્ષ અગાઉના ૫૯.૨ મિલિયન ટનથી ૧૮.૭ ટકા વધુ છે. વર્ષ ૨૦૨૬-૨૭ના એપ્રિલ-ઓક્ટોબર ગાળા માટે, CILનું ઉત્પાદન ૦.૭ ટકા વધીને ૩૮૮.૨ મિલિયન ટન થયું, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ૩૮૫.૫ મિલિયન ટન હતું. સાત મહિના દરમિયાન વિતરણ ૯.૨ ટકા વધીને ૪૧૬.૨ મિલિયન ટનથી ૪૫૪.૬ મિલિયન ટન થઈ ગયું. સહાયક કંપનીઓમાં, મહાનદી કોલફિલ્ડ્સ લિમિટેડ(MCL) એ ઓક્ટોબરમાં સૌથી વધુ ૨૦.૮ મિલિયન ટનનું ઉત્પાદન નોંધાવ્યું, જે ૨૫.૩ ટકા વધુ છે. સાઉથ ઇસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ(SECL) એ ૧૪.૩ મિલિયન ટનનું ઉત્પાદન

...અનુસંધાન પાના 9 પર

મણિપુરમાં લાપતા બે યુવકોના મૃતદેહો મળતા ભારે તંગદીલી

29 ઓક્ટોબરે ગુમ થયેલા બે કુકી યુવકોના શબ ખેતરમાં ફેંકી દેવાયેલા કોથળામાંથી મળતા વિરોધ પ્રદર્શન દરમિયાન તોફાન, પોલસે અશ્રુવાયુ છોડ્યો

ઈમ્ફાલ, 1 (PTI): મણિપુરના કાંગપોકપી જિલ્લાના એક ગામમાંથી ત્રણ દિવસ પહેલાં ગુમ થયેલા બે યુવકોના વિકૃત શબ રવિવારના રોજ પાડોશી સેનાપતિ જિલ્લાના એક ડુંગરાળ વિસ્તારમાંથી મળી આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે તાપૌ કૂકી ગામમાંથી ૨૯ ઓક્ટોબરે ગુમ થયેલા બે યુવકો, જેમની ઓળખ ટી. ચોંગલોઈ (૨૧) અને પાઓગિનલાલ હેંગસિંગ (૨૦) તરીકે થઈ છે, તેમને શોધવા માટે ચલાવવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન આ શબ કેળાના ખેતરમાં ગુણમાં ભરેલા મળી આવ્યા હતા. શબ મળી આવ્યા બાદ, યુવકોનું અપહરણ કરીને "નાગા આતંકવાદીઓ" દ્વારા તેમની

...અનુસંધાન પાના 9 પર

નેપાળમાં નેશનલ પાર્ક વિસ્તારમાં ભારે બરફવર્ષા પછી છ ભારતીયો ફસાયા

ભોમિયાની સૂચનાને અવગણીને 3600 મીટરની ઉંચાઇએ આવેલા શે-ફોક્સુન્ડો તળાવ વિસ્તારમાં ગયા, ભારે બરફવર્ષા પછી સંપર્ક કપાયો



કાઠમંડુ, તા. ૧ (PTI): નેપાળના શે-ફોક્સુન્ડો નેશનલ પાર્ક વિસ્તારમાં ભારે હિમવર્ષાને કારણે શનિવાર બપોરથી બે મહિલાઓ સહિત છ ભારતીય પ્રવાસીઓ ફસાયા છે. સુરક્ષાકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે અને તેમને બચાવવાના પ્રયાસો ચાલુ છે, એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ પ્રવાસીઓ કાઠમંડુથી લગભગ ૩૦૦ કિમી ઉત્તર-પશ્ચિમમાં આવેલી

...અનુસંધાન પાના 9 પર

'મુરાસુ' વાવાઝોડાથી દક્ષિણ ઓડિશા હાઇ-એલર્ટ પર

મંગળવારની સવારે આંધ્રપ્રદેશમાં નેલ્લોર અને નરસાપુર વચ્ચે ત્રાટકે તેવી વકી

ભુવનેશ્વર, 1 (PTI): બંગાળની ખાડી પર સર્જાયેલું ડીપ ડિપ્રેશન રવિવારે એક ચક્રવાતમાં ફેરવાઈ ગયું છે, જેના કારણે ઓડિશાએ એક જ અઠવાડિયા કરતાં ઓછા સમયમાં વધુ એક તીવ્ર વાવાઝોડા સામે તેના દક્ષિણ ક્ષેત્રમાં તૈયારીઓ તેજ કરવી પડી છે. ભારતીય હવામાન વિભાગ(IMD)ના જણાવ્યા અનુસાર, આ નવું વાવાઝોડું વધુ તીવ્ર બનીને અતિ ભયાનક ચક્રવાતી વાવાઝોડામાં રૂપાંતરિત થશે અને ૩ નવેમ્બરની સવારે આંધ્રપ્રદેશમાં નેલ્લોર અને નરસાપુર વચ્ચે ૧૦૦-૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ત્રાટકશે, જેમાં પવનની ઝડપ ૧૨૦ કિમી સુધી પણ જઈ શકે છે. આ ચક્રવાતનું નામ ભારત દ્વારા 'મુરાસુ' રાખવામાં આવ્યું છે, જેનો અર્થ 'યુદ્ધનું નગારું' થાય છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠે અને પડોશી રાજ્ય ઓડિશામાં ત્રાકનાર અગાઉનું વાવાઝોડું 'અર્ણવ' હતું. ૨૮ ઓક્ટોબરે જ્યારે તે ત્રાક્યું ત્યારે તેમાં પવનની ગતિ ૧૫૦ કિમી પ્રતિ કલાક સુધીની હતી. ભુવનેશ્વર સ્થિત હવામાન કેન્દ્રના ડિરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે ઓડિશામાં ૨ નવેમ્બરથી વરસાદ શરૂ થશે અને વાવાઝોડાની અસર હેઠળ ૩ નવેમ્બરે તેની તીવ્રતા વધશે, જે ૪ નવેમ્બર સુધી ચાલુ રહેશે. રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પૂજારીએ જણાવ્યું હતું કે સરકાર આન્નસન્ન વાવાઝોડાનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને લોકોને ભય

...અનુસંધાન પાના 9 પર

તા. ૦૧-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૦° સે.	૨૬.૦° સે.	૫૦%

પાકિસ્તાનમાં LPGના ભાવ આસમાને : લોકો લાકડા અને કોલસાના ઉપયોગ ભણી વળ્યા

પાકિસ્તાનના રાવલપિંડીમાં PNG ગેસ માંડ છ કલાક જ અપાય છે, લોકો ગેસ છોડીને લાકડા અને કોલસાના ઉપયોગ ભણી વળતા તેના ભાવમાં પણ મોટો વધારો થયો

ઇસ્લામાબાદ, તા. 01 : ઈરાન સાથેના મુખ્ય સરહદ ક્રોસિંગ બંધ થવાથી પુરવઠો ખોરવાઈ ગયા બાદ પાકિસ્તાનમાં એલપીજી સંકટ વધુ ઘેરું બન્યું છે. દેશના કેટલાક ભાગોમાં, એલપીજીનો ભાવ પ્રતિ કિલોગ્રામ PKR 600 સુધી પહોંચી ગયો છે, જે સત્તાવાર દર કરતાં બમણાથી વધુ છે. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન અનુસાર, દરરોજ માંડ છ કલાક કુદરતી ગેસ ઉપલબ્ધ હોવાથી, પરિવારો તેમના ઘરના ખર્ચાઓનું સંચાલન કરવામાં સંઘર્ષ કરી રહ્યા છે. વૈકલ્પિક ઇંધણ પર વધતી જતી નિર્ભરતાને કારણે લાકડાની માંગમાં પણ વધારો થયો છે, જેના કારણે જાહેર અને ખાનગી માલિકીના જંગલોમાંથી લાકડાની ચોરી થઈ રહી છે. શિયાળાની ઋતુ દરમિયાન કોલસા અને લાકડાના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. બલુચિસ્તાનમાં, ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમત, જે પહેલા 4500 પાકિસ્તાની રૂપિયામાં

...અનુસંધાન પાના 9 પર